ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



મેમ... આનો વાંક નથી... ઘરમાં તેની મમ્મી... રોડ પર... સ્કૂલમાં બધે ગણપતિ બાપ્પા મોર્યા એવું જ સંભળાય છે... એટલે હોમવર્કની બુકમાં ગણપતિ બાપ્પા એવું જ લખશે...

# સલામત સવારીના મુસાફરો ત્રણ બસ બદલી ત્રણ કલાકે ગાંધીનગર પહોંચ્યા

### પોલિટેકનીક ગાંધીનગર રૂટની બસ બે વાર ખોટવાતા મુસાફરો બેહાલ બન્યા

ગાંધીનગર તા ૮

સલામત સવારી એસ ટી અમારી ...બ્રેક ડાઉન થતી હોવાના અનેક કીસ્સા છે. અલબત્ત સલામત સવારી ખોટવાતા મુસાફરોએ ઘણીવાર રસ્તે રઝળવાનો વારો આવે તેવા કિસ્સા પણ બને છે. પરંતુ ગઈકાલે પોલિટેકનીકથી ડી એસ પી કચેરીના રૂટની બસ ખોટવાતા મુસાફરોને ગાંધીનગર પહોંચવામાં ત્રણ કલાક થયા હતા.એસ ટી બસ અટવાતા તંત્ર દ્વારા અન્ય બસ મુકવામાં આવી હતી જયારે આ બસ પણ થોડે આગળ જઈને ખોટવાતા મુસાફરોએ ગાંધીનગરથી અમદાવાદ પહોંચવા માટે ત્રણ બસ બદલવાની ફરજ પડી હતી.

સલામત સવારી એસ ટી અમારી ના સ્લોગન સાથે માર્ગ પર દોડતી એસ ટી બસ ગમે ત્યારે ખોટવાતી હોવાના પણ અનેક કિસ્સાઓ ધ્યાને આવે છે. જેના લીધે મુસાફરોએ પારાવાર હેરાનગતિ વેઠવાનો વારો આવે છે. ગઈકાલે રાત્રે મુસાફરોને એસ ટી બસ સેવાનો ભારે કડવો અનુભવ થયો હતો. પોલિટેકનીકથી ગાંધીનગર દોડતી એસ ટી ની બસ સાંજે ૬ :૩૦ કલાકે અમદાવાદથી ઉપડી હતી. પરંતુ બસ અચાનક બંધ થતા મુસાફરો અટવાયા હતા. જેના પરિણામે મુસાફરોને મંઝિલ સુધી પહોંચાડવા માટે એસ ટી તંત્ર દ્વારા નવી બસ મુકવામાં આવી હતી. પરંતુ ગાંધીનગરના સિમાડા સુધી બસ પહોંચી કે તુરંત આ બસ પણ ખોટવાઈ હતી. જેના લીધે અઢી કલાકથી ગાંધીનગર પહોંચવા માટે એસ ટી ની મુસાફરી કરતા મુસાફરો ફરી માર્ગ વચાળે અટવાયા હતા. આખરે એસ ટી ડેપો દ્વારા અન્ય એક બસ મારફતે મુસાફરોને ગાંધીનગર પહોંચતા કરાયા હતા. ડી એસ પી રૂટની આ બસના મુસાફરો ત્રણ કલાકના અંતે ત્રણ બસ બદલીની ગાંધીનગર પહોંચી શકયા હતા. એસ ટી ની શહેરી બસ સેવાના રૂટમાં પણ જરૂરી બદલાવ કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. જયારે રાત્રિના સમયે અમદાવાદ જવાની બસ ન મળતી હોવાની ફરિયાદ સાથે નગરજનોમાં આક્રોશ વધ્યો છે. મુસાફરોએ પણ પોલીસ પહેરાના અભાવ વચ્ચે રાત્રિના સમયે ડેપોમાં ભયજનક હાલતમાં બેસી રહેવુ પડતુ હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે.

## આજે સે. ૧૨ રામદેવપીરના મંદિરે નેજા ચઢાવાશે

સિવિલ હોસ્પિટલ કંપાઉન્ડ સે-૧૨ ખાતે તા. ૯, ૧૦ સપ્ટેમ્બરના રોજ રામદેવપીરના નેજા ચઢાવવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આજે રાત્રે૯ કલાકે ભજન સંતવાણીનો કાર્યક્રમ યોજાશે. ૧૦મી સપ્ટેમ્બરના રોજ સવારે ૯થી ૧૨ કલાક દરમિયાન પહેલુ નિશાન વાવોલ ગામના વિક્રમસિંહ ગોલના હસ્તે ચઢાવવામાં આવશે.

# ગુણવત્તાસભર શિક્ષણથી બાળકનું ઘડતર કરવામાં આવે : શંભુજી ઠાકોર

ગાંધીનગર, તા. ૮

૨૧મી સદી એ જ્ઞાનની સદી છે ત્યારે શિક્ષણની તમામ આંતર માળખાકીય સુવિધાઓથી શાળાઓ સજ્જ બને તે માટે સરકારે ધ્યાન કેન્દ્રીત કર્યુ છે ત્યારે શિક્ષક પણ બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ આપી બાળકના ઘડતરમાં મહત્વની ભૂમિકા ભજવે તેવો ભાર વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે મુક્યો છે.

ગાંધીનગર તાલુકાના રાયપુર ખાતે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત નવનિર્મિત પ્રા. શાળાના મકાનનું લોકાર્પણ કરતાં ઉપાધ્યક્ષે જણાવ્યું હતું કે ભાર વિનાનું ભણતર હોવુ જોઈએ. તેમણે આધુનિક સુવિધાઓથી સજ્જ આ શાળા સાચા અર્થમાં જ્ઞાનમંદિર બની રહેશે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

નવા સંકુલને નિહાળ્યા બાદ ઉપાધ્યક્ષ ઠાકોરે તેમના શિશુકાળને યાદ કરી ત્રણ થી સાત કિ.મી. ચાલીને અભ્યાસ કરવા જતા હતા તેની વાત પણ કરી હતી.

આ લોકાર્પણ પ્રસંગે શાળામાં સત્યનારાયણ ભગવાનની કથા રાખવામાં આવી હતી તેમજ બાળકો માટે ખાસ ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ખેતીવાડી સમિતિના ચેરમેન રાજીબેન ઠાકોર, મહિલા અને બાલ વિકાસ ચેરમેન દિનેશભાઈ ઠાકોર, તાલુકા પંચાયત પ્રમુખ કાળુસિંહ રાઠોડ, તાલુકા પંચાયતની કારોબારી સમિતિના ઘનશ્યામભાઈ પટેલ, તાલુકા પંચાયત સદસ્યા કાન્તાબેન ઠાકોર, ઈન્ચાર્જ જિલ્લા પ્રા. શિ. અ. સંજયભાઈ પરમાર, શ્રીધામ શ્રીજી આનંદ આશ્રમના શ્રી ચંદુલાલ મહારાજ, જિલ્લા અને તાલુકા ભાજપના આગેવાનો આઈ.બી. વાઘેલા, હિતેન્દ્ર પટેલ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.



## મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્રનો પ્રારંભ કરાયો

ગાંધીનગરના વકીલોના મિત્ર મંડળ દ્વારા રાંધેજા માર્ગ પર પરંપરા ગાર્ડન રેસ્ટોરન્ટની સામેના મહાકાળી મંદિર ખાતે આજથી મહાપ્રસાદ સેવા કેન્દ્રનો પ્રારંભ કરાયો છે. આ સેવાકેન્દ્રમાં ચાર દિવસ સુધી સતત અંબાજીના પદયાત્રીઓને મહાપ્રસાદ પીરસવામાં આવશે તથા દરરોજ રાત્રએ અહીં ગરબા યોજાશે. મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્રનું આજે બાલવાના ગીરનારી આશ્રમના પરમ વિદૂષી બાલયોગીની પૂ. ગીતાદીદી તથા પંચાયતી અખાડા મહા નિર્વાણ કુરુક્ષેત્રના મહંત પૂ. ગંગાસાગરજીના હસ્તે ઉદ્ઘાટન કરાયું હતું. આ પ્રસંગે ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર તથા મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર પ્રવિણભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવોએ ઉપસ્થિત રહી મહાઆરતીનો લાભ લીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આ મહાપ્રસાદ સેવા કેન્દ્ર ખાતે દરરોજ રાત્રે યોજાનારા ગરબા કાર્યક્રમમાં ગુજરાતી ફિલ્મ કલાકારો તથા ગાયકો ઉપસ્થિત રહેશે.

# નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે જિલ્લા કક્ષાની રૂરલ આઈટી ક્વીઝ યોજાઈ

ગાંધીનગર, તા. ૮

ટાટા કન્સલટન્સી સર્વિસ દ્વારા સમગ્ર ભારતમાં દર વર્ષે નેશનલ રૂરલ આઈ.ટી. ક્વિઝ યોજાય છે. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ પણ આઈ.ટી. (ઈન્ફર્મેશન ટેકનોલોજી) અને કોમ્પ્યુટર ફિલ્ડથી જાણકાર થાય તેમજ ટેકનોલોજીનો ઉપયોગ કરતા શીખે અને આ ફિલ્ડ પ્રત્યે તેમનામાં વધુ અને વધુ જાગૃતતા આવે તે હેતુથી દરેક જિલ્લામાં જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે રૂરલ આઈ.ટી. ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગુજકેટ દ્વારા આયોજીત આ સ્પર્ધા ગાંધીનગર જિલ્લામાં દર વર્ષે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા યોજવામાં આવે છે. આ વર્ષની રૂરલ આઈ.ટી. ક્વિઝ સ્પર્ધા તા. ૮મી સપ્ટેમ્બરના રોજ સવારે ૯.૦૦ કલાકે નિસર્ગ સાયન્સ સેન્ટર, સે. ૨૩ ખાતે યોજાઈ હતી.







આ સ્પર્ધામાં મુખ્ય મહેમાન તરીકે ડૉ. અનીલભાઈ કે. પટેલ, મેનેજીંગ ટ્રસ્ટી નિસર્ગ સાયન્સ સેન્ટર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડેઝીટલ ઈન્ડિયા મીશન વિશે સમજ આપી હતી. તેમજ વિદ્યાર્થીઓ વધુ ને વધુ ટેકનોલોજી પ્રત્યે જાગૃત બને તે માટે સમજ આપી હતી. આ ક્વિઝ સ્પર્ધામાં જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની ૨૨ માધ્યમિક શાળાઓના ૧૩૨ વિદ્યાર્થીઓ અને ૨૫ શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ ક્વિઝ સ્પર્ધામાં પ્રથમ

અનુસંધાન પાના - ૭ પર

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લા પંચાયતની કેટલીક શાખાઓમાં રોજ પોપડા ઉખડીને નીચે પડી રહ્યા હોવાથી કર્મચારીઓમાં ભયની લાગણી પ્રસરેલી જોવા મળી રહી છે.

● ગાંધીનગર સે. ૭માં આવેલ વોર્ડ કચેરીમાં આધારકાર્ડ માટેની સુવિધા ઓછી હોવાથી તે કામગીરી હવે સે. ૭ની પ્રા. શાળાના પ્રિ. ફેબ્રીકેટેડ રૂમમાં શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે.

● ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓની સમસ્યા આજે બીજી વખત સ્થાયી સમિતિમાં ચમકી હતી.

● ગાંધીનગરના અધિક નિવાસી કલેક્ટર કાલરિયા રજા પર જતાં તેમની જગ્યાનો હવાલો અંતાણીને સોંપવામાં આવ્યો હતો.

● જિલ્લાના વિવિધ શિવ મંદિરોમાં હજુ શ્રાવણ માસની ઉજવણીના કાર્યક્રમો ચાલી રહ્યા છે.

● ગાંધીનગર મહાનગર પાલિકાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનની રૂમમાં હજુ પણ આનંદીબેન પટેલનો ફોટો લટકે છે.

● ગાંધીનગર શહેરમાંથી પસાર થતા પદયાત્રીઓ માટે લાયન્સ કલબ દ્વારા ચ-૩ના સર્કલ પાસે મેડીકલ સેવાકેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે.

● ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલા વિકાસ કામોની સમીક્ષા માટે આજે તાલુકા વિકાસ અધિકારીઓની એક બેઠક જિલ્લા વિકાસ અધિકારીએ બોલાવી છે.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ગણેશ મુર્તિનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૮

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારની દસ શાળાઓના આચાર્યને ગણેશજીની મુર્તિ આપવામાં આવી હતી. આ શ્રીજીની મુર્તિ કાયમ શાળા ખાતે રાખવામાં આવશે તથા જાભચીતરીયા ગામમાં ૧૧૦ વૃદ્ધોને ૩ કિ.ગ્રા. ચોખા વિતરણ કરાયા હતા.

# ગાંધીનગરના માર્ગો સેવા કેન્દ્રોથી ધમધમ્યા

### બોલ મારી અંબે, જય જય અંબેના જયઘોષ સાથે રાજમાર્ગો પર અંબાજીના પદયાત્રીઓ ઉભરાયાં : શહેરમાં સર્વત્ર ભક્તિ અને સેવાનો માહોલ છવાયો



ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના તમામ માર્ગો 'બોલ મારી અંબે... જય જય અંબે...'ના નાદથી છવાઈ ગયા છે. ભાદરવી પૂનમે અંબાજી ખાતે ભરાતા વિશાળ મેળામાં ભાગ લેવા માટે રાજ્ય ભરમાંથી આવેલા પદયાત્રીઓ શહેરમાંથી પસાર થઈ રહ્યા છે. જેના કારણે શહેર આખુ મા જગદંબાની ભક્તિમાં રસતરબોળ થઈ રહ્યું છે. ગાંધીનગરના સેવાભાવી નગરજનો તથા વિવિધ સંસ્થાઓ દ્વારા ઠેર ઠેર પદયાત્રીઓ માટેના સેવા કેમ્પો ઉભા કરાયાં છે. જેમાં ચા-પાણી-નહાવા-ધોવાથી માંડીને ભોજન, નાસ્તો, આરામની વ્યવસ્થા, રાત્રી રોકાણની વ્યવસ્થા તથા જરૂરી મેડિકલ સહાય પુરી પાડવામાં આવી રહી છે.

શહેરમાં દરેક સેવા કેન્દ્ર ખાતે સ્વયં સેવકો ખડેપગે અંબાજીના પદયાત્રીઓની સેવા કરી ધન્યતા અનુભવી રહ્યાં છે. ક્યાંક ચા-કોફી-મિનરલ પાણી તો ક્યાંક બુંદી-ગાંઠીયા-પુરી-શાક-ઈડલી પિરસાઈ રહ્યાં છે. તો ક્યાંક મહાપ્રસાદ પણ આપવામાં આવી રહ્યો છે. શહેરના પ્રવેશદ્વાર સમા ચ-૦ સર્કલે સેવા કેન્દ્ર પંચદેવ યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યો છે. આ કેન્દ્ર ખાતે પદયાત્રીઓને નાસ્તા ઉપરાંત ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા દવાઓ અને જરૂરી મેડીકલ સહાય પુરી પાડવામાં આવી રહી છે. આ ઉપરાંત સે. ૨ ખાતે પણ પદયાત્રી સેવા કેન્દ્ર ચાલુ કરાયું છે.

સેક્ટર-૧૧માં ચ-૩ સર્કલ ખાતે કુલ ૩ સેવા કેન્દ્રો કરાયા છે. જેમાં એક ઈન્દ્રોડા ગામના ગ્રામજનો દ્વારા, બીજુ ભારતીય જનતા પાર્ટી દ્વારા અને ત્રીજુ લાયન્સ કલબ દ્વારા કરાયું છે. ઈન્દ્રોડા ગ્રામજનોમાં સેવા કેન્દ્રમાં



પારલે બિસ્કીટ, ગાંઠીયા અને ચા ઉપરાંત સાંજના સમયે ખીચડી કઢી પીરસાઈ રહ્યા છે. શહેર ભાજપ દ્વારા આયોજિત કેન્દ્ર ખાતે રવાનો શીરો, ચા-દૂધ-કોફી, ભેળ વગેરે નાસ્તો ઉપરાંત દવાઓ પણ આપવામાં આવી રહી છે. જ્યારે લાયન્સ કલબના સેવા કેન્દ્ર ખાતે દરેક પ્રકારની દવાઓ ઉપરાંત ડૉ. દિલીપ ત્રિવેદી અને ડૉ. એ.આર. પટેલ બે શીફટમાં સેવાઓ આપી રહ્યાં છે. જિલ્લા પંચાયત પાસે બાપા સીતારામ સેવા કેન્દ્ર ખાતે પણ ખીચડી-કઢી પીરસવામાં આવી રહી છે. તો પંચદેવ મંદિર પાસે શિવ શક્તિ મંડળના સેવા કેન્દ્રમાં ખીચડી-કઢી અથવા ખીચડી શાક પીરસી પદયાત્રીઓ માટે આરામની વ્યવસ્થા કરાઈ છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ ઘ-૬ સર્કલે સુરક્ષા શાખાના કમાન્ડો દ્વારા સેવા કેન્દ્ર કરાયું છે. જેમાં પદયાત્રીઓ માટે ચા-કોફી ઉપરાંત ઈડલી સાંભારની વ્યવસ્થા કરવામાં આવી છે. અહીં પણ દવાઓ પુરી પાડવામાં આવે છે. શહેરના ક રોડ પર વાવોલમાં શાલીન-૪ એપાર્ટમેન્ટ ખાતે સેવા કેન્દ્ર પ્રારંભ કરાયું છે. જ્યાં નાસ્તા સાથે ચા-પાણીની વ્યવસ્થા કરાઈ છે. આ ઉપરાંત મિહીર સોસાયટી પાસે જય અંબે ગ્રૃપ દ્વારા સેવા કેન્દ્ર કરાયું છે. ત્યાં આરામની વ્યવસ્થા કરાઈ છે. આ ઉપરાંત ગોકુલપુરા ખાતે પણ બે વિસામા તૈયાર કરાયા છે. જીઆઈડીસી સર્કલ ક-૫ ખાતે સતત ૨૬મા વર્ષે પદયાત્રી સેવા કેમ્પ યોજાય છે. જેમાં છુટી બુંદી ગાંઠીયા-આથેલા મરચા પીરસાઈ રહ્યાં છે.

મધુર ડેરી પાસે ડેરીના કર્મચારી પરિવાર વતી છાશની વ્યવસ્થા કરાઈ છે. તો ક-૭ સર્કલ ટાટા ચોકડી પાસે માલધારી યુવક મંડળ દ્વારા ગરમાગરમ નાસ્તો જેવો કે બટાકા પૌઆ, ફુલવડી, ગોટા વગેરે પીરસવામાં આવી રહ્યું છે.

એક તરફ પદયાત્રીઓ મા અંબાની ભક્તિમાં લીન થઈ ચાલી રહ્યા છે તો બીજી તરફ શહેરના સેવાભાવી નગરજનો પણ તેમને મદદરૂપ થઈ મા જગદંબાની સેવા કર્યાનો ભાવ પાળી રહ્યાં છે.







## જય અંબે બોલ મારી અંબે...